# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**વિવાદોનો પણ છાયડો રહ્યો | ખેડા જિલ્લા પંચાયતની પ્રથમ સામાન્ય સભામાં વિવિધ સમિતિની રચના સાથે વિકાસકાર્યોને લીલીઝંડી**

# ખેડાની પાંચ ગ્રામ પંચાયતોના વિભાજનને મંજૂરી

**દારૂ કાંડમાં નામ** ખુલતા ભાજપના સદસ્યની ગેરહાજરી ચર્ચાનું કેન્દ્ર બની

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૯

ખેડા જિલ્લા પંચાયત ખાતે સાંસદ અને ધારાસભ્યોની વિશેષ ઉપસ્થિતિમાં ૨૯મી જૂનના રોજ પ્રથમ સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે વિવિધ સમિતિઓના ચેરમેનોની વરણી કરવામાં આવી હતી અને ગ્રામીણ કક્ષાએ વહીવટ સુદ્રઢ બનાવવા માટે ૫ ગ્રામ પંચાયતોના વિભાજન સહિતના વિકાસલક્ષી કાર્યોને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. જોકે, સભા દરમિયાન સદસ્યની ગેરહાજરી અને સંકુલમાં થયેલી ચોરીની ઘટનાએ સુરક્ષા સામે સવાલો ઉભા કર્યા હતા.

આ ઉપરાંત, મહેમદાવાદના મોદજમાં સરકારી પશુ દવાખાનાના નિર્માણ માટે જરૂરી જમીન ફાળવવાનો ઠરાવ પણ મંજૂર કરાયો હતો. સૌથી મહત્વની બાબત એ છે કે, નવા અસ્તિત્વમાં આવનારી પંચાયતોમાં વહીવટી સરળતા માટે નવી ગ્રામ પંચાયતો રચવાની મંજૂરી અપાઈ છે, જેમાં અલવા (કપડવંજ)માંથી હિરાપુરા તેવી જ રીતે સલૂણવાંટાં (નડિયાદ)માંથી જોષીપુરા, સોડપુરમાંથી મુલેસરા, કાણીયેલ (કઠલાલ)માંથી વડવાળા અને ભગતના મુવાડામાંથી સિપાઈના મુવાડી અને ઘોઘાવાડામાંથી રઘુનાથપુરાનો સમાવેશ થાય છે.




### વિવિધ સમિતિઓની રચના અને ચેરમેનોની વરણી

**શિક્ષણ સમિતિ:** લક્ષ્મણસિંહ પરમાર (કાલસર)
**અપીલ સમિતિ:** હિતેન્દ્રભાઈ તડવી (મહિજ)
**આરોગ્ય સમિતિ:** મહેન્દ્રભાઈ સોલંકી (પેજ)
**સામાજિક ન્યાય સમિતિ:** જીગીશાબેન પરમાર (લેટર)
**બાંધકામ સમિતિ:** કલાવતીબેન પટેલ (અંગાડી)
**ખેતીવાડી સિંચાઈ - સહકાર સમિતિ:** ગૌત્તમસિંહ ચૌહાણ (ઉંદરા)
**મહિલા બાળ વિકાસ સમિતિ:** મધુબેન સોલંકી (આંબલિયાળા)


તસવીર: જશવંતસિંહ રાઠોડ

### ભાજપના સદસ્ય ‘ભૂગર્ભ’માં ઉતરી ગયાં

સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ૧૨મી જૂનના રોજ ઝડપાયેલા રૂ. ૫.૭ લાખના વિદેશી દારૂના કેસમાં પીપળાતા બેઠકના ભાજપના સદસ્ય પ્રફુલ ઉર્ફે સ્વામી પરમારનું નામ ખુલ્યું હતું. વડતાલ પોલીસમાં ફરિયાદ બાદ તપાસ નડિયાદ ટાઉન પોલીસને સોંપાઈ છે, પરંતુ સદસ્ય હજુ પોલીસ પકડથી દૂર હોવાથી સભામાં ગેરહાજર રહ્યા હતા. પંચાયત પ્રમુખે આ અંગે બચાવ કરતા જણાવ્યું હતું કે સદસ્ય હાલ બહાર હોવાની તેમને પ્રાથમિક જાણકારી છે.

ખેડા જિલ્લા પંચાયતની અગાઉની સામાન્ય સભા વર્ષ 2023માં યોજાઈ હતી. આ ત્રણ વર્ષના ગાળા બાદ ખેડા જિલ્લા પંચાયતની સભા મળી છે. જેના કારણે ગ્રામ્ય વિસ્તારમાં વિકાસના કામોની આશા સેવાઈ રહી છે.

### પ્રથમ સામાન્ય સભામાં નવા હોદ્દેદારોની વહીવટી અણઆવડત છતી થઈ

ખેડા જિલ્લા પંચાયતની યોજાયેલી પ્રથમ સામાન્ય સભામાં નવા ચૂંટાયેલા સભ્યો અને હોદ્દેદારોમાં વહીવટી કાર્યશૈલીના અનુભવનો સ્પષ્ટ અભાવ જોવા મળ્યો હતો. નડિયાદ ખાતે મળેલી આ બેઠકમાં વહીવટી પ્રક્રિયાઓની જે ક્ષતિઓ સામે આવી તે ચર્ચાનો વિષય બની છે. સામાન્ય રીતે સભાના અંતે પ્રમુખ દ્વારા ઠરાવો રજૂ કર્યા બાદ ‘આ ઠરાવો સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે’ તેવી જાહેરાત કરવાની હોય છે, પરંતુ પ્રમુખ માત્ર કાગળ પરથી ઠરાવો વાંચીને અટકી ગયા હતા. બીજી તરફ, સભાની પરંપરા મુજબ સભ્યોએ પાટલી થપથપાવીને ઠરાવોનું અનુમોદન કરવાનું હોય છે, જેમાં પણ સભ્યોની ઉદાસીનતા જોવા મળી હતી. પ્રતિનિધિઓ દ્વારા અનુમોદન સુદ્ધા ન મળતા નવી બોડીની વહીવટી બિનઅનુભવીતા ઉડીને આંખે વળગી હતી.

### પંચાયત સંકુલમાં જ ખિસ્સાકાતરુઓનો આતંક

સામાન્ય સભા બાદ કારોબારી સમિતિના ચેરમેનની કેબિનના ઉદ્ઘાટન સમયે ભારે ભીડનો લાભ લઈ ગઠિયાઓ બે વ્યક્તિના પાકીટ તફડાવી ગયા હતા. અગાઉ મહાનગરપાલિકાની બેઠકમાં પણ આવી ઘટના બની હોવા છતાં પોલીસ દ્વારા નક્કર પગલાં ન લેવાતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

---

**વિકાસના કામો સાથે કોર્પોરેટરોના ભથ્થા પર વાગશે મહોર : સિટી બસ સ્ટેન્ડની જગ્યા પરત લેવાશે**

# નડિયાદ મહાનગરપાલિકાનું આજે હાઈવોલ્ટેજ જનરલ બોર્ડ મળશે !

**ટીપી સ્કીમ-૪ અને** શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર બાબતે એજન્ડામાં પાંચ મહત્વના કામો



(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૯

નડિયાદ મનપાના વહીવટી માળખાને વધુ મજબૂત કરવા અને શહેરના વિકાસકાર્યોને ગતિ આપવા માટે આજે મંગળવારે સાંજે 5 કલાકે પાલિકાના સભાખંડમાં જનરલ બોર્ડની મહત્વની બેઠક યોજાવા જઈ રહી છે. મ્યુનિસિપલ સેક્રેટરી મુકેશકુમાર એમ. પટણી દ્વારા જારી કરાયેલા પાંચ મુદ્દાના એજન્ડામાં શહેરના વિકાસની સાથે ચૂંટાયેલા પ્રતિનિધિઓના આર્થિક હિતોને લગતા નિર્ણયો પણ લેવામાં આવશે.

નડિયાદ મહાનગરપાલિકાની આજની બેઠકમાં ટીપી સ્કીમ નંબર 8 ના પરામર્શ માટેની કામગીરી હાથ ધરવામાં આવશે, જેમાં ખાસ કરીને રોડ-રસ્તા અને રિઝર્વેશન સંબંધિત મુદ્દાઓ પર આખરી નિર્ણય લેવાશે. આ ઉપરાંત, શહેરી પરિવહન સુવિધાને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી, ભૂતકાળમાં એસટી નિગમને ભાડે આપવામાં આવેલી સિટી બસ સ્ટેશનની જગ્યા પરત મેળવવા અંગેનો મહત્વનો ઠરાવ પસાર કરવામાં આવશે.

આ બેઠકમાં વિકાસના કામોની સાથોસાથ ચૂંટાયેલા સભ્યોના હિતમાં પણ એક મોટો નિર્ણય લેવાઈ શકે છે. મહાનગરપાલિકાના નિયમ મુજબ કોર્પોરેટરોને મળવાપાત્ર માનદ વેતન અને અન્ય ભથ્થા નક્કી કરવા બાબતે આ બેઠકમાં વિસ્તૃત ચર્ચા કરીને તેને સત્તાવાર રીતે લાગુ કરવાની પ્રક્રિયા હાથ ધરાશે. આ ઉપરાંત કારોબારી સમિતિએ અગાઉ લીધેલા વિવિધ ઠરાવોને પણ જનરલ બોર્ડમાં બહાલી આપવામાં આવશે.

આમ, આજના જનરલ બોર્ડમાં શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે થનારી ચર્ચા બાદ બહુમતીથી લેવાનારા નિર્ણયો નડિયાદ શહેરની વિકાસ યાત્રામાં નિર્ણાયક સાબિત થશે.

### સમિતિઓની રચના માટે હજુ જોવી પડશે રાહ

નડિયાદ મહાનગરપાલિકામાં નવી વિવિધ કમિટીઓની રચનાની આતુરતાથી રાહ જોવાઈ રહી છે, પરંતુ આજની બેઠકમાં આ અંગે કોઈ નિર્ણય લેવામાં આવશે નહીં. વહીવટી પ્રક્રિયા મુજબ, કમિટીઓ બનાવતા પહેલા તેના ચોક્કસ નિયમો અને માળખું તૈયાર કરવું અનિવાર્ય છે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ભવિષ્યમાં મળનારી બેઠકમાં નવી કમિટીઓની રચના થવાની પૂરેપૂરી શક્યતા છે.

---

# ખંભાતમાં નરાધમ શખસે સગીરા પર દૂષ્કર્મ ગુજાર્યું

(પ્રતિનિધિ) ખંભાત તા.૨૯

ખંભાત તાલુકાના ભુવેલ ગામના શખ્સે સગીરા પર એક વર્ષના સમયગાળા દરમિયાન અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, ભુવેલનો ભાવેશ વિનોદભાઈ મકવાણાએ સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી. બાદમાં સગીરાના રહેણાક ઘરે જઈને તેની મરજી વિરુદ્ધ અવારનવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા. છેલ્લા એક વર્ષથી ચાલી આવતા આ શારીરિક અને માનસિક શોષણ અંગે આખરે ભોગ બનનારના પરિવારે હિંમત દાખવી નરાધમ આરોપી વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ પોલીસે ભાવેશ મકવાણા વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

---

**‘આયોજન વિહોણા’ વિકાસનો ફિયાસ્કો | તંત્રની ઘોર બેદરકારીનો પર્દાફાશ**

# કાંસમાં ગટરના જોડાણો નીકળતા મુખ્ય માર્ગ હવે ૧ વર્ષ સુધી બંધ!

**બસ સ્ટેન્ડથી પાલિકા** સુધીનો રસ્તો ખોદી નાખ્યા બાદ હવે નવું પમ્પિંગ સ્ટેશન અને ગટર લાઈન નાખવા નવેસરથી ટેન્ડરિંગ થશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૯

નડિયાદ શહેરના મધ્યમાંથી પસાર થતી મુખ્ય વરસાદી કાંસના નવીનીકરણની કામગીરીમાં વહીવટી તંત્રની ગંભીર લાપરવાહી અને અણઘડ નીતિ સપાટી પર આવી છે. કરોડો રૂપિયાના ખર્ચે શરૂ કરાયેલા આ પ્રોજેક્ટમાં આયોજનનો અભાવ એટલી હદે છે કે, વરસાદી લાઈનમાં જ રહેણાંક અને વ્યાપારિક ગટરના જોડાણો સીધેસીધા જોડી દેવાયા હોવાનું ખોદકામ બાદ જાણવા મળ્યું છે. આ છબરડાને કારણે હવે આખો મુખ્ય માર્ગ આગામી એક વર્ષ સુધી બંધ રહે તેવી પૂરેપૂરી સંભાવના છે, જેના કારણે નડિયાદવાસીઓને ભારે હાલાકી ભોગવવી પડશે.

નડિયાદમાં વર્ષો પહેલા જ્યારે આ વરસાદી લાઈન નાખવામાં આવી ત્યારે જ એન્જિનિયરો અને સત્તાધીશોએ ગટરના જોડાણો તેમાં જોડી દીધા હતા, જેનાથી વર્તમાન અધિકારીઓ તદ્દન અજાણ હતા. કાંસમાં બારેમાસ પાણી રહેવા પાછળનું મુખ્ય કારણ આ ગટરના જોડાણો જ હોવાનું હવે સાબિત થયું છે. આ ભૂલ સુધારવા માટે હવે મહાનગરપાલિકા પાસે નવું પમ્પિંગ સ્ટેશન ઊભું કરી નવી ગટર લાઈન નાખવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી. આ માટે નવેસરથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, જેનો અર્થ એ છે કે વરસાદી કાંસનું કામ લાંબા સમય સુધી અટકી જશે.



### વેપારીઓના ધંધા-રોજગારને માઠી અસર

નડિયાદના બસ સ્ટેન્ડથી શરૂ કરીને તાલુકા પંચાયત થઈને મહાનગરપાલિકા તરફ જતો આ મુખ્ય માર્ગ સંપૂર્ણ ખોદી નાખવામાં આવતા સ્થાનિક વેપારીઓની હાલત કફોડી બની છે. પોલીસ લાઈન અને કોમર્સિયલ કોમ્પ્લેક્સ પાસે અવરજવર માટે જગ્યા ન હોવાથી ગ્રાહકો આવતા બંધ થયા છે અને વેપારીઓનો ધંધો સંપૂર્ણ ભાંગી પડ્યો છે.

### રસ્તાની વચ્ચે ઊભેલા વીજ થાંભલા બન્યા આફત

નડિયાદ મનપા અને વીજ કંપની વચ્ચેના સંકલનના અભાવે ખોદાયેલા રસ્તાની મધ્યમાં હજુ પણ વીજ થાંભલા અડીખમ ઊભા છે. આ થાંભલાઓ હટાવવામાં ન આવતા વાહનચાલકો અને રાહદારીઓ માટે અકસ્માતનું જોખમ સતત તોળાઈ રહ્યું છે.

### ચોમાસામાં મુસીબતોની વણઝાર સર્જાશે

નડિયાદ શહેરમાં ગટર અને વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે આગામી ચોમાસામાં નડિયાદના જાહેર માર્ગો પર પાણી ભરાવાની ગંભીર સમસ્યા સર્જાશે. તંત્રની આ ઢીલી નીતિ અને નવી લાઈનો નાખવાના બહાના હેઠળ કામ લંબાવવાની પેરવી નાગરિકો માટે આશીર્વાદને બદલે શ્રાપ સમાન સાબિત થઈ રહી છે. આ અણઘડ આયોજનને કારણે નડિયાદવાસીઓએ હજુ એક વર્ષ સુધી ધૂળ અને ખાડાઓ વચ્ચે રહેવા મજબૂર બનવું પડશે.

---

**વાસદ ટોલનાકા પાસે આઈફોન બાબતે લોહિયાળ ખેલ ખેલાયો**

# પિતા - બે પુત્રોએ યુવકના ગળે તીક્ષ્ણ હથિયાર ઝીંક્યું

**લંડનથી આવેલા** મોબાઈલના વિવાદમાં સમાધાન કરવા મળેલી બેઠક હિંસક બની

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯

આણંદના વાસદ ટોલનાકા પાસે રવિવારની રાત્રે એક ચોંકાવનારી હિંસક ઘટના બની હતી. વિદેશથી આવેલા આઈફોનના ઉપયોગ બાબતે ચાલી રહેલા વિવાદના સમાધાન માટે મળેલી બેઠકમાં ઉશ્કેરાયેલા પિતા અને તેના બે પુત્રોએ એક યુવક પર તીક્ષ્ણ હથિયારથી જીવલેણ હુમલો કર્યો હતો. ગળાના ભાગે ગંભીર ઈજા પામેલા યુવકને હાલ આણંદની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, વાસદના રહેવાસી વીરેન્દ્રસિંહ રાઉલજીના ભાઈ મયુરસિંહ લંડનથી તેમના મિત્ર દીપક રાજેન્દ્રસિંહ રાઉલજીને વાપરવા માટે એક આઈફોન આપ્યો હતો. આ ફોન પરત લેવા અથવા તેના ઉપયોગ બાબતે લાંબા સમયથી વિવાદ ચાલતો હતો, જેના અંત માટે રવિવારે રાત્રે વાસદ ટોલનાકા પાસે બંને પક્ષો વચ્ચે એક બેઠક યોજાઈ હતી.

તેઓની સમાધાનની ચર્ચા દરમિયાન મામલો બિચક્યો હતો અને દીપક, તેનો ભાઈ અજય અને પિતા રાજેન્દ્રસિંહે ઉશ્કેરાઈને વીરેન્દ્રસિંહ પર હુમલો કર્યો હતો. આ ઝઘડામાં વચ્ચે બચાવ કરવા પડેલા વીરેન્દ્રસિંહના મિત્ર ગૌરાંગ ગીરીશભાઈ ગોહેલ પર હુમલાખોરોએ તીક્ષ્ણ હથિયારથી ગળાના ભાગે ઘા ઝીંકી દીધો હતો. આ હુમલા દરમિયાન એક ગૌરાંગને બચકું પણ ભરી લીધું હતું. આ ઘટનાને અંજામ આપી ત્રણેય હુમલાખોરો જાનથી મારી નાખવાની ધમકી આપીને સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. જ્યારે લોહીલુહાણ હાલતમાં ગૌરાંગને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં તેની સ્થિતિ નાજુક હોવાનું જાણવા મળ્યું છે. વાસદ પોલીસે વીરેન્દ્રસિંહની ફરિયાદના આધારે પિતા-પુત્રો વિરુદ્ધ ગુનો નોંધી તેમની શોધખોળ હાથ ધરી છે.

---

# વાસદ પાસે ટ્રક ટક્કરે બાઈક સવાર યુવકનું મોત

**પુરપાટ ઝડપે** આવતી ટ્રકનું ટાયર બોરીયાવીના યુવકના માથા પર ફરી વળ્યું

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯

આણંદ નજીક નેશનલ હાઈવે નંબર ૮ પર વાસદ વેલકમ હોટલ પાસે રવિવારે રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સર્વિસ રોડ પરથી પસાર થઈ રહેલા એક બાઈક સવાર યુવકને પાછળથી આવતી ટ્રકે જોરદાર ટક્કર મારતા યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, આણંદ તાલુકાના બોરીયાવી ગામના ૨૮ વર્ષીય યુવક જીગ્નેશ દીપકભાઈ રાવળ રવિવારે રાત્રિના પોણા બાર વાગ્યાના સુમારે વાસદથી પોતાના ઘરે પરત ફરી રહ્યા હતાં. તે દરમિયાન વેલકમ હોટલ પાસે આણંદ તરફ જતા સર્વિસ રોડ પર પાછળથી આવતી એક બેફામ ટ્રકે તેમના બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ પ્રચંડ ટક્કરને કારણે જીગ્નેશ રોડ પર પટકાયો હતો અને ટ્રકનું વજનદાર ટાયર તેના માથા પર ફરી વળતા ગંભીર ઈજાઓને કારણે તેનું સ્થળ પર જ મોત થયું હતું. આ અકસ્માત સર્જાયા બાદ ટ્રક ચાલક પોતાનું વાહન મૂકીને અંધારાનો લાભ લઈ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. આ હૃદયદ્રાવક ઘટનાને પગલે રાવળ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ બનાવ અંગે મૃતકના પિતા દિપકભાઈ રાવળની ફરિયાદના આધારે વાસદ પોલીસે ફરાર ટ્રક ચાલક વિરુદ્ધ અકસ્માતનો ગુનો નોંધી તેને ઝડપી પાડવા માટે તપાસ શરૂ કરી છે.

---

# સરદાર પટેલ યુનિ.ના ૧૭ વિદ્યાર્થીને દિગ્ગજ કંપનીમાં પ્લેસમેન્ટ મળ્યું

**દેશની બેંકિંગ,** ફાઈનાન્સ અને રિસર્ચ ક્ષેત્રે એસપી યુનિવર્સિટીના સિતારાઓ ચમક્યા

**બજાજ ફાઈનાન્સથી** માંડીને નેલ્સન IQ જેવી મલ્ટીનેશનલ કંપનીઓએ કરી પસંદગી

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯

વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીના આંકડાશાસ્ત્ર વિભાગે શૈક્ષણિક વર્ષ 2025-26 દરમિયાન પ્લેસમેન્ટ ક્ષેત્રે એક નવી ઊંચાઈ હાંસલ કરી છે. વિભાગના કુલ 17 વિદ્યાર્થીઓએ પોતાની મહેનત અને શિક્ષણના જોરે દેશની પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં સ્થાન મેળવીને યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું છે.

સરદાર પટેલ યુનિવર્સિટીમાં આ વર્ષનું પ્લેસમેન્ટ માત્ર નોકરી પૂરતું મર્યાદિત નથી, પરંતુ તેમાં જોવા મળતી વિવિધતા આકર્ષણનું કેન્દ્ર બની છે. વિદ્યાર્થીઓએ માત્ર ફાઈનાન્સ જ નહીં, પરંતુ




રિસર્ચ, એનાલિટિક્સ, બેંકિંગ અને કન્સલ્ટિંગ જેવા અટપટા ક્ષેત્રોમાં પણ સફળતા મેળવી છે. આ સફળતા પાછળ વિભાગ દ્વારા આયોજિત વિશેષ તાલીમ કાર્યક્રમો, ઉદ્યોગ નિષ્ણાતોના વ્યાખ્યાનો અને ઈન્ટર્નશિપનો મોટો ફાળો છે.

વિભાગાધ્યક્ષ પ્રો. (ડૉ.) ધર્મેશ પી. રાયકુંડાલિયાએ જણાવ્યું હતું કે, આ સિદ્ધિ વિદ્યાર્થીઓની મહેનત અને વિભાગની ગુણવત્તાયુક્ત શૈક્ષણિક પરંપરાનું પરિણામ છે. પ્લેસમેન્ટ ઈન-ચાર્જ પ્રો. (ડૉ.) જ્યોતિ દિવેચાએ ઉમેર્યું કે, ઉદ્યોગ અને શૈક્ષણિક જગત વચ્ચેના મજબૂત સહયોગને કારણે વિદ્યાર્થીઓની રોજગારક્ષમતામાં નોંધપાત્ર વધારો થયો છે.

સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓના પ્લેસમેન્ટ માટે કરવામાં આવેલો આ પ્રયોગ ખૂબ જ સફળ રહ્યો છે. જેથી વાલીઓમાં પણ આનંદ વ્યક્ત કર્યો છે.

### પસંદગી પામેલા તેજસ્વીલાલા

આંકડાશાસ્ત્ર વિભાગમાં પ્લેસમેન્ટ પામેલા વિદ્યાર્થીઓમાં અમૃતા પાટીલ, વૈષ્ણવ પવાર, મિતેશ ઠાકોર, પ્રેરણા શિંદે અને અનિશ પરમાર સહિતના અન્ય વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. વિભાગ દ્વારા ભવિષ્યમાં પણ વિદ્યાર્થીઓને સંશોધન અને કારકિર્દી વિકાસની શ્રેષ્ઠ તકો પૂરી પાડવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે.


**ગુજરાતમિત્ર** તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**